## લેખીત મુખ્ય પરીક્ષા ભાગ – ૨ માટેની ઉમેદવારની સૂચનાઓ :-

પરીક્ષા તારીખ :- ૦૩/૦૯/૨૦૨૪

પરીક્ષા સમય :- ૧૧:૦૦ થી ૦૧:૦૦

૧. પરીક્ષા માટે ઉમેદવારે સ્વખર્ચે આવવાનું રહેશે.

૨. નિયત સમય પહેલા એક કલાક અગાઉ જણાવેલ સ્થળે હાજર રહી નિયત પત્રકમાં સહી કરવાની રહેશે.

૩. ગુજરાત સરકાર અને યુનિવર્સિટીના ધારા-ધોરણ મુજબ તેમજ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના પત્ર ક્રમાંક કવટ/ISC3/એન.ઓ.સી/૨૦૨૩-૨૪/૨૦૪૩૬-૪૧, તા ૧૦/૧૦/૨૦૨૩ની શરતોને આધિન રહેશે.

૪. પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતી ધ્યાનમાં આવશે તો તે ઉમેદવારને સંપૂર્ણ ગેરલાયક ઠરાવવામાં આવશે.

૫. કોલેજ કેમ્પસમાં પ્રવેશતાં પહેલાં દરેક ઉમેદવારોએ પોતાનો વધારાનો સામાન જેવા કે કોઈપણ જાતના ઇલેકટ્રીક ઉપકરણો, સાદી કે સ્માર્ટ ઘડિયાળ, પર્સ, મોબાઇલ વિગેરે પરીક્ષા માટે બિનજરૂરી સામાન સાથે કોલેજમાં પ્રવેશ મળશે નહીં.

૬. પરીક્ષા દરમ્યાન કોઇપણ પ્રકારના ઇલેકટ્રીક ઉપકરણો, સાદી કે સ્માર્ટ ઘડિયાળ,પર્સ અને મોબાઇલનો ઉપયોગ કરવો નહિ અને પરીક્ષાખંડમાં સાથે રાખવા પણ નહી.

૭. દરેક ઉમેદવારે અસલ આધારકાર્ડ, અસલ પાનકાર્ડ, અસલ ચુટણીકાર્ડ, અસલ ડ્રાઇવિંગ લાયસન્સ પૈકી કોઈ પણ એક સાથે લાવવું ફરજીયાત છે અન્યથા પરીક્ષા ખંડમાં દાખલ થવા દેવામાં આવશે નહી.

૮. ઉમેદવારે માત્ર બ્લેક અને બ્લ્યુ બોલ પેનનો ઉપયોગ કરવાનો રહેશે. અન્ય કોઇપણ પ્રકારની પેન કે પેન્સિલનો ઉપયોગ O.M.R. શીટમાં કરવો નહી.

૯. આ લેખિત પરીક્ષાનું માળખુ અને અભ્યાસક્રમ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર" ના પ્રસ્થાપિત નિયમો મુજબ રહેશે.

૧૦. ભાગ-૨ની મુખ્ય પરીક્ષા MCQ પ્રકારના પ્રશ્નોની રહેશે જેમાં ૨૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૦૧ (એક) ગુણ લેખે કુલ ૨૦૦ ગુણની રહેશે.

૧૧. પરિક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે.

૧૨. ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૧૩. ખોટા જવાબદીઠ, છેકછાકવાળા જવાબદીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કીંગ પધ્ધતિ લાગુ પડશે.

૧૪. દરેક પ્રશ્નના જવાબીમાં એક વિકલ્પ "E" " Not Attempted" રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો આ વિકલ્પ પંસદ કરી શકાશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં.

૧૫. પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહી કરવામાં આવે તો. મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

પ્રમુખ/ઉપપ્રમુખ/મંત્રી
શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ
સ્ટેશન રોડ, ડોસાભાઈ બાગ પાસે, વિસનગર(ઉ.ગુ.)
30/8/24